ધૂમકેતુ.

અથવા

હાલમાં ઉદય થતો પુંછડીયો તારો.

જ્યોતિષ શાસ્ત્ર પ્રસ્તાવિક અને ઇંગ્લાંડ જર્મની અમેરિકા અને ભારત-ક્ષેત્રના વિદ્વાનોના અભિપ્રાય સહિત સર્વ લોકોના ઉપયોગને માટે શુભાશુભ ફળ પ્રદર્શિત કરવામાટે-

લેખક,

મહેતા અમૃતલાલ અનોપરામ ઉર્ફે આફલાતુન.

ગૌરક્ષક ફંડના સ્થાપક--ડાકોર.

પ્રસિદ્ધકર્તા. મંછુલાલ બાપુલાલ ધરીયા.—ડાકોર

ગીતિ.

ઉદય થતા ધુમકેતૂ, સહુજન અંતર અપશુકન આવે,
વાંચો ગ્રંથ અમારો, શુભ અશુભ ફળ સરવે દર્શાવે

સંવત ૧૯૬૬ સને ૧૯૧૦

અમદાવાદ.

શ્રી સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસ, છાપનાર,—શા સાકળચંદ હરીલાલ

કિંમત એક આનો.

કર્ત્તાનો ઉદ્ગાર.

આ બુક રચવામા મારી કાઇ પણ જાતની બુદ્ધિ નથી પરંતુ કેટલા વિદ્વાનોના લખાણો ઉપરથી તેમ જ્યોતિષ શાસ્ત્રો ઉપરથી જે જે વિદ્વાનોએ પોતાના અભિપ્રાયો જુદે જુદે સ્થળે ટાંકેલા તે સઘળા શોધ કરી એકત્ર આ લઘુ પુસ્તકમા લખ્યા છે તે મનન કરી સઘળા મનુષ્યોએ ગભરાઈ જવુ નહિ, કારણ ભાવી કોઇના વશમા નથી જે યથાકાળ હોશે તે અવશ્ય થતુ આવે છે જેથી મનુષ્યમાત્રે પોતાની યથાશક્તિ પોતાના દેહના રક્ષણના ઉપાય અવશ્ય કરવો અને પરમાત્માનુ ધ્યાન ધરવું અને સુનિતિથી વર્તવુ પણ ગભરાઈ જઇ નિરાશ થઇ બેસી રહેવુ નહિ

કર્તા.

જય જય શ્રી રણછોડરાયજી મહારાજ

અર્પણપત્રિકા.

વિશ્વના વિધાતા અખંડભૂમંડલાધિપતિ વિશ્વેશ્વર

દયાળુ જગતપિતા શ્રી રણછોડરાયજી મહારાજ !

આપ પરમાત્મા અમારા પિતા છો, પાલક છો, અને સદા કૃપાળુ દ્દષ્ટિથી અમોને જુઓ છો હાલમા આકાશ માર્ગે ઉદય થતો ધૂમકેતુ અથવા પુંછડીયો તારો જોઇ અમો અપશુકન ધારી ભયભીત થયા છતાં આ પુસ્તક લખી અમારા ઉદ્દગારદ્વારા આપ પરમપિતાને વિનતી કરિયે છીએ કે અમોને સુખ આપો વળી માત્ર આ સમયે આવતા સંકટ નિવારવા આપ સરજનહારજ સમર્થ છો, તેથી આ લઘુ પુસ્તક પણ આપના શરણમા મુકુ છુ, અને પ્રાર્થના કરૂ છુ કે અમો અને અમારા સર્વ મનુષ ભાઇઓને સુખ શાન્તિ આપો ?

શાન્તિ: શાન્તિ: શાન્તિ .

હરીગીત છંદ

રણછોડ રણછોડાવી કરજો સાથ આ જગની સદા,
પાલક પ્રભુછો પૃથ્વિના ટાળો સકળ જન આપદા;
દુષ્કાળને વ્યાધી અધિક વ્યાપી દિસે ચોપાસમાં,
બહુ ત્રાસ પામે તનય તવના સુખના નિજ વાસમાં.
તેમા વળી ધુમકેતુએ ઉપજાવિ ચિંતા અંગમાં
ભય માનતા સહુ લોક જગના ભંગ પડિયો રંગમાં,
તે ત્રાસથી તારો પ્રભુ રણછોડ રાજી રાખજો,
આ જગતજનનાં કષ્ટ તે જગતાત તુર્તજ ટાળજો.

હું આપનો ચરણસેવક.

અમૃતલાલ અનોપરામ ઉર્ફે અફલાતુન.

શ્રી.

ધૂમકેતુ.

અથવા

પુંછડીયો તારો.

સ્વદેશી બાન્ધવ જનો ! આજે હું ધુમકેતુ એટલે પુંછડીયા તારા વિષે કેટલુંક વિવેચન કરવા ધારૂં છું, તે નિરર્થક નહી ગણાય ? કારણ કે હાલના વખતમા ઉદય પામતો ધૂમકેતુ જોઇ ઘણા લોકો ભય, અપશુકન, દુષ્કાળ કે રોગ વિગેરેની ઉત્પત્તિ તેથી માને છે, આપણા પૂર્વજો દીર્ઘદર્શી અને સર્વજ્ઞ હોવાથી તે સબંધીનો તેમણે શુભાશુભ નિર્ણય કર્યો છે, જેથી ઘણા ગ્રન્થોમાં તે વાત પ્રસિદ્ધ છે જ્યોતિષશાસ્ત્રની ગણિતવિદ્યાના પ્રતાપે તેઓ ધૂમકેતુના ઉદય અસ્તનો કાળ અગાઉથીજ નિર્ણય કરી શકતા હતા, આજે સાંપ્રતકાળમાં વિદ્યાની ગૌણુતાને લીધે એવી કેટલીક બાબતો જગતના અજાણુપણામાં રહી જાય છે, વળી આવી બાબતોનો અગાઉથી નિર્ણય નહીં થવાનુ સબળ કારણુ એવું છે કે ખગોળ શાસ્ત્રના ગ્રન્થો પણ જેવા જોઇએ તેવા હાલ હયાતીમાં મળી શકતા નથી, અથવા હશે તો કવચિતજ હશે આપણા પૂર્વજો સર્વ વિદ્યા અને સર્વ કળા સંપન્ન હતા, જેથી

તેઓએ ખગોળ શાસ્ત્રના ગ્રન્થો નહી જ લખ્યા હોય ? અથવા તેમનાથી આ ગૂઢ વિદ્યા અજાણી હશે ? તેવી કલ્પના કરનાર મૂર્ખ છે આર્યભૂમી ભારતવર્ષમા સર્વ કાંઇ હતુ. મૃતસજીવની ઔષધીવાળો આયુર્વેદ હતો, અને તેના ગુહ્ય મર્મ–અર્થને જાણનાર ભગવાન ધન્વતરી, અને અશ્વનીકુમાર જેવા મૃતપ્રાયને સજીવન કરે, વૃદ્ધને યૌવન કરે અને તદ્દન નાશ પામેલા નેત્રોને ઉત્તમ ઔષધીના ઉપચારથી પાછાં લાવે, તેવા પ્રતાપી પુરૂષો હતા માત્ર એકજ બાણથી આખી પૃથ્વીને કપાવે, અથવા સૂર્ય ચન્દ્રાદિકને પણ ગતિભગ કરે તેવો ધનુર્વેદ હતો, અને તે વિદ્યાના સાધક રઘુ, અજ, દશરથ, રામ, પરશુરામ, રાવણ, મેઘનાદ, અર્જુન, ભીષ્મ આદિ બળવાન યોદ્ધાઓ પણ હતા તેવીજ રીતે જ્યોતિર્વેદ પણ હતો અને તેના જાણનાર આકાશ–ખગોળના ખરેખરા ભોમીયા વરાહમિહીર, ભાસ્કરાચાર્ય જેવા પ્રતાપી મહાપુરૂષો હતા. તો ધૂમકેતુના ઉદય અસ્તનો સમય જાણી ન શકાય એ વાત કેવળ અસભવિત છે. પરતુ હાલ તેવા ગ્રન્થો પણ હયાતીમા નથી કારણ કે ભારત ભૂમીના ઘણા દેવાંશી ગ્રન્થોનો કેટલાક સમયપર લોપ થઇ ગયો છે. પરધર્મી લોકોએ આ આર્યધર્મનુ ઉચ્છેદન કરવા ઘણા ગ્રન્થો બાળી નાખ્યા છે, ઘણા ગ્રન્થો પાણીમાં નાખી દીધા છે, તેમજ અનેક માર્ગે આપણા ગ્રન્થો છિન્ન ભિન્ન થઇ ગયા છે, અને કદાચ કવ્વચ હશે તો તેનો શોધ કરી અભ્યાસ કરનાર થોડા છે, તેથીજ આવી બાબતો અધારામાં રહી જાય છે

ધૂમકેતુ એ નામજ સહાર અર્થને સૂચવનાર છે. અને તેવાજ અર્થ માટે ધૂમકેતુ અથવા કેતુ શબ્દ વપરાય છે, જેમકે "રાવણ કુળના ધૂમકેતુ મહારાજ શ્રીરામચન્દ્ર" એટલે રાવણના સમગ્ર કુળનો નાશ

કરનાર મહારાજ શ્રીરામચન્દ્ર છે. તે નાશ કરનાર શબ્દને ઠેકાણે ધૂમકેતુ શબ્દ વપરાય છે. તેવીજ રીતે દરેક ઠેકાણે ધૂમકેતુ નાશક અથવા સહારક અર્થને માટે આગળના વિદ્વાનો વાપરતા આવ્યા છે. તેથી ધૂમકેતુ સહારક અર્થને સૂચવે છે, જેથી પણ લોકોના અંતરમાં ભય રહે છે. વળી આ વર્ષમાં સાત ગ્રહો એક રાશીપર આવતા હોવાથી જોશી લોકો તે સંબંધ ભય દર્શાવે છે. વળી એક ગ્રન્થમાં એક પંડિત "ભૈરવ ભવાની વાક્ય" એ મથાળા નીચે આ વર્ષનું ફળાફળ આ પ્રમાણે લખે છે.

दोहा

सुण दुर्गे परमेश्वरी भैरव कहे करजोड,
चरचा फैली चहुदिशा सतसठ आषा दोड. १
छप्पनको दादो बडो सतसठ संवत देख,
कुवद करेलो जगतमें यामे मीन न मेख. २
सात ग्रहोको सांकलो छपन जेसो जोग,
दल बादल उलटा फिरे उलटा भोगे भोग. ३
जल तृण अन्न न नीपजे फूल फलां के काम,
राज प्रजा अरु देशकी रक्षा करसी राम. ४
उलट पुलट दुनिया फिरे उलटा संवत होय,
भावी फल निश्चय कियो जोशी पतडो जोय. ५

અર્થ--૧ ભૈરવ કહે છે કે ! હે દુર્ગેશ્વરી દેવી ! ચારે દિશામાં ચર્ચા ફેલાઇ રહી છે કે આ બીજા સવત ૧૯૫૬ ના દુષ્કાળ જેવા ગોગ આવ્યો છે

૨ આ સવત ૧૯૬૬ નુ વર્ષ તે સવત ૧૯૫૬ ને। દાદો અર્થાત તેથી પણ અધિક દુ.ખદાઈ છે, એટલે આ વર્ષે આખા જગતમા મોટા ઉત્પાત ઉત્પન્ન થશે, તેમાં મીનમેખ સમજવી નહી.

૩ આ વર્ષમાં સાત ગ્રહો એકજ રાશિઉપર ભેળા થાય છે, તેથી છપ્પનના વર્ષ જેવોજ જોગ છે, તેથી વાદળનું દળ ઉલટુ ચાલશે, એટલે વાદળ પાણી વિનાનુ ખાલી આવશે અર્થાત વાદળનું કામ વરસાદ વરસાવવાનુ છે તે નહી વરસાવે, જેથી ફરી સુખ-વિલાસને બદલે દુ ખ ભોગવવાં પડશે

૪ પાણી અન્ન અને ઘાસ ઉત્પન્ન થશે નહી, તેમજ ફળફૂલ પણ નીપજશે નહી, જેથી રાજા, પ્રજા અને આખા દેશની ઇશ્વર રક્ષા કરે તોજ રહેશે

૫ આ દુનિયા ઉલટપુલટ એટલે ઉથલપાથલ થશે, તેમજ સવતની ગણત્રી પણ ઉલટી થશે કારણ કે દુર્ભિક્ષકાળમાં સવત પણ લોકો ભૂલી જશે. એવી રીતનુ આ વર્ષનુ ફળ જોશીલોક ભવિષ્ય વિચારી કહે છે તે નિશ્ચય છે આ હકીકત લક્ષ્મીવેકટેશ્વર પ્રેસ કલ્યાણ મુબઇ છપાયેલા સને ૧૯૬૭ ના જોધપુરી પચાંગમા છપાવેલી છે

વળી આ વર્ષમા સાત ગ્રહો એક રાશીના થાય છે તેનું ફળ શ્રીધર શિવલાલના જ્ઞાનસાગર પ્રેસ મુંબઇમાં સંવત ૧૯૬૭ ની સાલના છપાયલા જોધપુરી પચાંગમાં નીચે પ્રમાણે લખે છે. અને તેપણ ભૈરવ ભવાની સવાદરૂપે છે.

दोहा.

भैरव—भैरव पूछे मातसे सतसठ केरो योग,
कूड मतीका भावसे दुःख पावैला लोग. १
भवानी—दुखडो तो कर्मे लिख्यो सुण हो भैरव लाल,
सुख सपनेमें ना मिले रोग युद्ध भूचाल. २
रवि मंगल बुध जीव सित चन्द्र केतु सब संग,
झगडा करसी जगतमें दुनियां होवे दंग. ३
गोल योग इण वर्षमें छप्पन केरो बाप,
भारत गारत होयसी चण्डी खासी धाप. ४
उलट पुलट बादल चले जलके जडया किवाड,
गीला सूखा सब खपे पत्ती रहै न झाड. ५

અર્થ—૧ ભૈરવ ભવાનીને પુછેછે કે હે માતા! આ વર્ષ સતસઠનો યોગ આવ્યો છે, તે દુષ્ટબુદ્ધિ યોગના પ્રભાવથી સઘળા લોક દુઃખ પામશે?

૨ ભવાની દેવી કહે છે કે હે ભૈરવ! આ સડસઠનો યોગ મળ્યો છે જેથી દુઃખ તો કર્મે લખેલુ જ છે, એટલે સુખ સ્વપ્નામાં પણ મળવાનુ નથી તેમજ રોગ પણ અતિશય ચાલશે તેમજ પરસ્પર યુદ્ધ પણ થશે.

૩ રવિ, મંગળ, બુદ્ધ, શુક્ર, ગુરૂ, ચન્દ્ર અને કેતુ એ સાત ગ્રહો તોળા રાશીમાં આસો માસમા સંયુક્ત થાય છે, તેનું ફળ જોતાં આખા

જગતમા ઝગડો કરાવશે, અથવા દુનિયામાં ડગ એટલે ભય ઉપજાવશે.

૪ વળી આ વર્ષમાં ગોળયોગ પણ થાય છે, જેથી છપ્પનના દુષ્કાળ જેવુજ ભયકર છે; કારણ, તે વખતમાં પણ આવાજ સર્વ સંયોગો હતા, જેથી ભારતદેશ પાયમાલ સ્થિતિમાં આવી જશે અને મહામારી એટલે કોલેરાનો રોગ ચાલશે.

૫ વાદળ વરસાદ વિનાના ચઢશે અને પાણી ઘણુંજ મોઘુ થઇ પડશે, તેમજ ધનવાન કે નિર્ધન એ સર્વને દુખ થશે, અને ઝાડ ઉપર પાતગ પણ રહેશે નહી.

વળી આ સવત ૧૯૬૭ ના વર્ષના બારે માસનુ ફળ તેની સક્રાન્તિઓ ઉપરથી વર્તારો કરી શ્રીધર શિવલાલના પચાગમા નીચે પ્રમાણે લખ્યુ છે

ચૈત્રમાસ ફલ—

दोहा.

चैत नाम आ मासको मीन राशिपर भान,
धान भाव तेजी कहे तैल तिलांके ज्ञान. १
क्रूर योग आ मासमें वार बुद्ध है पांच
अशुभ बात पैदा करे श्रीधर बोले सांच. २
रंगपंचमी रंग नहीं दुनियांमुख नही नूर,
चैत अंधेरी प्रतिपदा उडे कंकर भूर. ३

અર્થ--આ ચૈત્ર માસમા મીન રાશીનો સૂર્ય થાય છે, તેથી ધાન્યના ભાવ તેજ રહેશે, તેમજ તલ અને તેલ પણ મોંઘુ વેચાશે.

૧ આ માસમાં ક્રૂર યોગ થાય છે તેમજ માસમાં પાંચ બુધવાર છે, તેથી શ્રીધર પંડિત કહે છે કે એ અશુભ કાર્યને ઉત્પન્ન કરનાર છે. ૨ રંગ-પાંચમે આનંદ ઉત્સવ કરવા જેવો હર્ષ રહેશે નહી, તથા દુનિયાના લોકોના મુખપર નૂર રહેશે નહી, તથા ચૈત્ર વદી પડવાને દિવસે કાકરા ધૂળ આદિ ઉડશે અને વંટોળિયો થશે

વૈશાખ—पांच चन्द्र अरु भूमिसुत वार भये या मास,
चांवल जो मक्का उरद मंदा घृतका नाश. १
गुड सक्कर तेजी लहे हुंडी सूत कपास,
लवण तैल मीठा बिके सोमपुत्र बुधराश. २
प्रजा दुखी इस मासमें मेष राशिपर भाण,
गर्मी भय अति उपजे श्रीधर साची जाण. ३

અર્થ—આ માસમાં પાંચ ચન્દ્ર તથા પાંચ મંગળ છે તેથી ચોખા, મકાઇ, ઉડદનો ભાવ મંદી રહેશે અને ઘી ઘણું મોંઘુ થશે ૧ ગોળ, સાકર, હુંડી, સુતર, કપાસ વિગેરેની મોંઘવારી, અને તેલ તથા લુણ મોંઘુ થશે એ પાંચ ચન્દ્ર અને પાંચ મંગળનો ભાવ છે. ૨ આ માસમાં પ્રજા દુખી રહેશે, મેષ રાશીપર સૂર્ય આવેલા હોવાથી શીતળા આદી ગરમીના રોગોની ઉત્પત્તિ થાય એવું શ્રીધર પંડિત કહે છે

જેષ્ટ-पडवा बुधवारी भया जेष्ठ मासमें देख,
तितर बितर दुनियां फिरे खोटा संवत पेख. १

भृगुनंदन ते ऊप्रसर सूरज केरी चाल,
सौम्य चक्रे ता बीचमें करसी मांघा माल. २
मंगल वैरी राशिते एह भयोहे भाण,
जल मोखे तेजी करे श्रीधर साची जाण. ३

અર્થ—જેષ્ટ માસમા પાચ બુધ છે, માસ બુધવારો એમે છે, તેથી દુનિયા ગભરાયેલી રહેશે તેમજ આ સવત એટલે સાલ ખોટી છે એમ કહેવાશે. ૧ શુક્ર અને શની વક્ર થઇને સૂર્યની ચાલ સુધી આવ્યા છે, અને ચન્દ્ર તેની મધ્યે થઇ પસાર થાય છે. તેથી સર્વની મોઘવારી થાય ૨ મગળ શત્રુના ઘરમા આવ્યો છે અને તે પાછળ સૂર્ય છે, તેથી પાણી મળશે નહિ એમ શ્રીધર પડિત કહે છે

અષાડ–पांच गुरु या मासमें पांच शुक्र हे साथ
अन जलको तेजी करे और करेगा घात. १
कर्कराशि शनि वारते दिनकु बैठया भाण,
सर्व वस्तु तेजी करे कोठे भरले धान. २
कही कही छींटे पडे आफू मंदे भाव,
श्रीधरतो सांची कहे करसा नही उच्छाव. ३

અર્થ—આ માસમા પાચ ગુરૂ અને પાચ શુક્ર છે, તેથી અન્ન અને પાણી દુર્લભ મળે, અને માણુસની પણ ઘાત થાય. ૧ શનીવારને દિવસે કર્કરાશીના સૂર્ય થાય છે. જેથી અનાજ ઘણું મોઘું વેચાય. ૨ વરસાદનાં કઇ કંઇ ઝાપટાં અથવા સહજ છાંટા પડે, પણ

આકાશમાં મેઘનું બળ નહિ. તેથી માણસો નિરૂત્સાહી થાય, એમ શ્રીધર પંડિત કહે છે.

શ્રાવણ–पांच शनी या मासमें अरु नवमी शनिवार,

भीख मगावे जगतमें निश्चे मनसे धार. १

बुध अरु भृगुके मध्यमें सूरज केरी चाल.

जलसीसें रोशे प्रजा बुरी नीसरे साल. २

श्रावण वद एकादशी रोहिणि नो घटि देख,

नो सेरा अन बीकसी श्रीधर कहे विशेष. ३

અર્થ—આ માસમાં પાચ શની છે, તેમજ શ્રાવણ વદી નોમીને શનીવાર છે, તેથી જગતને ભીખ મગાવે તેવો ગોગ છે, તેવુ નિશ્ચય માનજો ૧ બુધ અને શુક્રની વચ્ચે થઇ સૂરજ પસાર થાય છે તેથી વરસાદ થોડો થવાથી પાણી વિના પ્રજા બહુ દુખ ભોગવશે, અને આ વર્ષ ઘણું બુરૂં નિવડશે ૨ વળી શ્રાવણ વદી એકાદશીને રોજ રોહિણી નક્ષત્ર નવ ઘડી છે, તેથી શ્રીધર પડિત કહે છે કે અંન બહું મોઘુ વેચાશે.

ભાદ્રપદ–शनी राहू इक राशिपर पांच रवि या मास,

लोहूकी नदियां बहे थल थल देखहि लास. १

अन्न भाव तेजी रहे रोग शोक जन क्लेश,

नरनारी घर छोडके फिरही देशेदेश.

पानी बिन पत्थरागिरे धूलगिरे आकाश,

खेतीतो सूखी रहे श्रीधर शास्त्रप्रकाश. ३

અર્થ—આ માસમા પાચ રવિ છે. તેમજ શની અને રાહુ એક રાશીપર આવે છે, તેથી પૃથ્વિપર લોહીની નદિયો વહેશે, અને ઠેકાણે ઠેકાણે મુડદાં નજરે પડશે. ૧ અન્નના ભાવ ઘણા વધી જશે અને લોકોના અતરમાં રોગ તેમજ શોકનો ક્લેશ ઘણો થશે, તેમજ નરનારીઓ પોતાનાં ઘરબાર છોડી દેશેદેશ ભમતા જણાશે ૨ આકાશમાંથી પાણીને બદલે પથ્થર અને ધૂળ પડશે. તેમજ ખેતી સુકાઇ જશે, એવું શ્રીધર પડિત શાસ્ત્રના પ્રમાણથી કહે છે.

આશ્વિન–**रवि भृगु गुरु इक राशिपर गुरु ते सप्तम मंद,**
तृण विनसे डुंगर गिरे युद्ध होयसी द्वंद १
आसो जीव त्रयो शनी सित रविके संग जात,
जळ बरसे कृषि नीपजे लोगां टळसी घात. २
शनिते राहु सातवे मेष राशि नीचास,
भारत गारत करनको युद्ध हुयो इण मास. ३
श्रीधर सांचो देखिकर ज्योतिष मांहि विचार,
होनहार व्है हैवही शुभ करसी किरतार. ४

અર્થ—રવિ, શુક્ર, ગુરૂ, એ એક રાશિપર હોઈ ગુરૂથી સાતમે શની છે તેથી પૃથ્વીપર ઘાસ પાકે નહી, અને મોટા ડુંગરોના શિખરો તૂટીપડે, તેમજ મોટું યુદ્ધ થાય ૧ ગુરૂથી ત્રીજે શની અને ચન્દ્ર તેમજ રવિ સાથે થાય છે, જેથી કાઇક જળ વરસવાનો સભવ છે અને ખેતી થાય તેમજ લોકોની ઘાત ટળે ૨ પરતુ શનીથી રાહુ સાતમો છે અને મેષરાશી પર છે જેથી ભારતદેશને પાયમાલ કરે અને

ભારે યુદ્ધ થાય ૩ સર્વ જ્યોતિષશાસ્ત્રનો સાર જોઇને શ્રીધર પંડિત કહે છે કે જે થવાનું હશે તે થશેજ. ઈશ્વર કૃપા કરે તો બચી શકાય ૪

કાર્તિક–गोलयोग या मासमें राज प्रजाने भार,
स्वार्त.... . ... .दुःख पावे संसार. १
खोटे खोटे योग सब आन मिले इस मास,
अन्न बिना दुनियां मरे घर घर फिरे उदास. २
ग्रहयुद्धनते राजयुद्ध होय घणो घमशान,
झगडा झांटा चहु दिशा श्रीधर सांची जान. ३

અર્થ—આ માસમા ગોલયોગ થાય છે, તેથી રાજા અને પ્રજાને માથે ભાર છે. જેથી સસાર દુ ખ પામશે. ૧ આ માસમા સઘળા ખોટા ખોટા યોગો આવી મળ્યા છે જેથી અન્નવિના દુનિયા મરશે, અથવા ઉદાશ થઇને ઘેરઘેર ભટકતી થશે ૨ સાત ગ્રહો એકઠા થાય છે, એટલે જેમ ગ્રહોનુ યુદ્ધ થાય છે તેવીજ રીતે પરસ્પર રાજાઓનુ યુદ્ધ થશે જેથી ઘણું ઘમશાન મચાશે. શ્રીધર પડિત કહે છે કે આખા દેશમાં ઠામ ઠામ ટટા-બખેડા થશે

માર્ગશિર–टूटी तिथि इण मासमें पाख उजाळे जान,
छत्रभंग हो कोइ नृप जोतिष कर ले ज्ञान. १
रोग शोक भय होवसी मगसर चारों मास,
व्यापारी हानी कहे कौडी रहै न पास. २
सीत पडे दाहा लगे ग्रहा योग अनुसार,
श्रीधर दुःख दुनियां तणों हरि करसी उद्धार.

અર્થ—આ માસના શુક્લ પક્ષમાં સાતમની ક્ષય તિથી હોવાથી કોઇ છત્રપતિ રાજાનું મૃત્યુ થાય, એમ જ્યોતિષશાસ્ત્ર કહે છે. ૧ રોગ અને શોકથી માગશિરથી આગળના ચારે માસ લોકો ભયભીત રહેશે, તેમજ વ્યાપારી લોકો વ્યાપારમા ખોટ ખાશે તથા કોડી પાસે રહેશે નહી. ૨ આ માસમાં શ્રીધર પંડિત કહે છે કે ઘણું હીમ પડશે જેથી ખેતીનો પાક દાહથી બળી જશે અને ગ્રહોના યોગથી દુનિયાં ઘણું દુ:ખ પામશે પરમેશ્વર સહાય કરે તોજ સારૂ થાય. ૩

पोष-पिंडुतिथी या मासकी भइ दख शनिवार,
रुंड मुंड चारों दिशा मचमी हाहाकार. १
चन्द्रपुत्र अरु दिनपती भृगुजी एकहि राश,
धान्य भाव मंदा करे और पशुनको घास. २
खेतीकी आशा तजो सीत दाहको जोर,
मेघबुंद ना नीसरे घटा चडे घनघोर. ३

અર્થ—આ માસની પિંડુતિથી પડવાને દીવસે શનીવાર છે પોષ વદી પડવાએ શનીવાર અશુભકારક છે, જેથી ચારો દિશાઓમાં મહાભયાનક કાર્ય બને, અને હાહાકાર વર્તાય. ૧ બુધ અને રવિ તે-મજ શુક્ર આ માસમા એક રાશીપર થાય છે તેથી ધાન્યના ભાવ અને ઘાસ મંદુ થાય ૨ આ વર્ષમાં ખેતીની આશા છોડી દો, કારણ સીત એટલે હીમનું ઘણું જોર હોવાથી ખેતી બળી જશે, તેમજ વાદળ ઘમઘોર થયા છતાં વરસાદની બુંદ પણ પડશે નહી. ૩

माध–पांच रवी आ मासमें पांच चन्द्र है साथ,
भीख मगे रोटी नको झपटे हाथोहाथ. १
माघ अंधेरी रस तिथी भृगुनंदन है वार,
अरु साने शनि दिन भइ कौडि न मिले उधार.
दुनियां दुर्बल दुःख लहै अन्न कष्ट भोगंन,
श्रीधर सांची बातसू सुख भोगे श्रीमंत. २

અર્થ—આ માસમા પાચ રવિ અને પાચ ચન્દ્ર સાથે છે, તેથી લોકો ગેટલાને માટે બીખ માગશે, અને ભૂખના દુઃખથી હાથમાંથી ઝુટાવી લેશે. ૧ આ માધમાસની વદી દ્વાદશી રસતિથીને દિવસે શુક્રવાર આવે છે તેથી કોડીનો માલ પણ શાહુકારને ઉધાર મળશે નહી ૨ દુનિયાં દુઃખથી દુર્બળ થઇ અન્નનું ભારે સંકટ ભોગવશે, તથા જે ધનવાન હશે તે સુખ ભોગવશે એમ શ્રીધર પંડિત કહે છે.

ફાલ્ગુન–देवगुरु वक्रित भये फाल्गुन उजले पाख,
पशू मरे तृणके बिना होय कडा सु साख. १
दाणा अलसी तैल तिल ढूंडयो मिले न एक,
नाणां सुं सुख उपजे नही तमासा देख. २
श्रीधर पतडो देखके सावधान हो जाय,
ग्रह जोतिषकी चाल यह कदी झूठ नहि थाय.

અર્થ—આ માસમાં બૃહસ્પતિ વક્રિત થયેલો છે, અને તે શુક્લ પક્ષમાં થાય છે માટે ઘાસવિના પશૂઓ મરી જશે; એવી શાખ

આપે છે. ૨ અનાજ, અળસી, તેલ અને તલ એ શોખ્યા મળનાર નથી જે પૈસાદાર હશે તે સુખ ભોગવશે અને બીજાનો તમાસો દે-ખશે ૩ આ અહયોગ કદી જુઠો પડનાર નથી માટે શ્રીધર પડિત કહે છે કે સર્વ ભાઇઓ આ વર્ષના ભાવ સાંભળી સાવધાન થજો ૩

વળી આ સાલમા તપાસીયે તો તેવાજ સર્વ નેષ્ટ ફળને આપનાર યોગો આવી મળ્યા છે, તેથી પણુ પ્રજાજનો ભયની નજરથી જુએ છે.

આ વર્ષનો સ્વામી સૂર્ય છે. તેનુ ફળ સારપત્રિકામાં આ પ્રમાણે છે.

धान्य पुष्प फल मूल विनाश
श्चौरभी र्भवतिनोद कलेशः ॥
भुमि पाल कलहो गद कोपः
प्राणिनां दिनकरो यदि भूपः ॥ १ ॥

અર્થ—જો વર્ષનો રાજા સૂર્ય હોય તો ધાન્ય, ફુલ, ફળ અને મૂળ વિગેરેનો વિનાશ કરે, ચોરનો ભય ઘણો થાય, રાજાઓમા પર-સ્પર યુદ્ધ થાય

આ વર્ષનો પ્રધાન બુધ છે તે શ્રેષ્ટ છે તેનુ ફળ

स्यात कोष वृद्धि र्धरणीश्वराणां । गावः सुदुग्धानगदोनराणां ॥
गोधूम शालिक्षुयुता धरित्रो । पुर्णोदकाचे च्छशिजोत्रमत्री॥१॥

અર્થ—રાજાઓના ખજાના ધનથી ભરપૂર હોય, તથા ગાયો ઘણુ દુધ આપે, જેથી પ્રજા સુખી થાય. ઘઉ ડાગર અને શેરડીના વાવેતરથી પૃથ્વિ શોભાવાળી બને, જો ચન્દ્રનો પુત્ર વર્ષનો મત્રી હોય તો શુભ ફળને આપે છે.

આ વર્ષના આગલ્યા ધાન્યનો સ્વામી શની છે તે નેષ્ટ ફળને આપે છે.

धान्याऽभाव: कोषहानी नृप.णां । मंदावृष्टिःस्याज्जयःतस्कराणां ॥
रोगाकहेश्चाति पीडाजनस्य । प्राग्धान्येश श्चेतसुतोभास्करस्या१।

અર્થ—ધાન્ય ભાવ મોંઘા થાય, તેમજ રાજાઓના ભંડાર ખાલી થાય, વૃષ્ટિ થોડી અને ચોરનુ બળ વિશેષ હોય, વળી રોગ ઘણો ઉ. ત્પન્ન થઇ લોકોને પીડયા કરે, એ રીતે આગળના ધાન્યનો સ્વામી શની હોય તો નેષ્ટ ફળને આપે છે

આ વર્ષના પાછલા ધાન્યનો સ્વામી ગુરૂ છે તેનુ ફળ શ્રેષ્ટ છે.

सुभ्रुता मिहक्दापिनमन्यु भुरिवर्षति जलंशतमन्यु:
सुमिदेव निचयोभि मतेज्य: स्याद्यदाचरम धान्यपईज्य:

અર્થ—જે વર્ષમા પાછના ધાન્યનો સ્વામી ગુરૂ હોય તો પૃથ્વિ ધન ધાન્ય લિલોતરીથી શોભાયમાન દેખાય, તેમજ વરસાદ ઘણો વરસે ભૂમીના દેવતાઓ તૃપ્ત થાય પાછલા ધાન્યના સ્વામી ગુરૂનું આ શ્રેષ્ટ ફળ છે.

આ વર્ષમાં મેઘનો સ્વામી મગળ છે તે નેષ્ટ ફળનો આપનાર છે.

अनिल मवलाग्नि भयंप्रचूरं धनधान्य फलादिक मल्पतरं ।
गदकोपवशा जगदल्पवलांक्षिती जे घनये सतिनैवजलम् ॥

અર્થ—વર્ષમાં મેઘનો સ્વામી મગળ હોય તો અગ્નિનો, ચોરનો ઘણો ભય કરાવે, અને ધન ધાન્ય ફળ અલ્પ એટલે થોડા થાય, પ્રજા અલ્પ બળવાળી રહે અને પૃથ્વીપર જળ થોડું થાય

આ વર્ષમાં રસનો સ્વામી ચન્દ્રમા શ્રેષ્ટ ફળને આપનાર છે.

प्रचुर मैक्षवतैल यवादिकं मस्वकरांक्षिति देव कदंबकं ।
दिसति दुग्धमतीव गवांततिर्यदी रसाधिपति रजनीपतिः॥

અર્થ—રસનો સ્વામી ચન્દ્ર જે વર્ષમાં હોય તેનુ ફળ શ્રેષ્ટ છે. અનાજ, તેલ, તેલ અને યવાદિક ધાન્ય પાછળ થનારૂ સારૂ થાય, અને પૃથ્વિના દેવતાઓ તૃપ્ત રહે ગાયો ઘણુ દૂધ આપે એ આદિ શુભ ફળ દર્શાવે છે

આ વર્ષમા ફળનો સ્વામી શુક્ર છે, તે શ્રેષ્ટ ફળનો દાતા છે

समर्घांगी फलानि स्यात् सदैव फलते द्रुमाः ।
शुक्रे चैव फलाधाशे सर्वेषां सुख कृद्भवेत् ॥

અર્થ—ફળનો સ્વામી જે વર્ષમાં શુક્ર હોય તો સર્વ લોકો સુખી થાય, સદા વૃક્ષો ફળથી શોભાયમાન રહે તેવુ સારૂ ફળ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે આ વર્ષના શુભાશુભ ગ્રહોના યોગોનુ ભાવી ફળાફળ દર્શાવ્યુ, જે જાણતા આ વર્ષને માટે કેવુ અનુમાન બધાય છે ? તે બાબતનો વિચાર વાંચનાર પુરૂષો કરશે કેટલાક જનો ફળના ગ્રન્થોને અનુમાનિક અથવા વહેમી માને છે કેટલાક કહે છે કે યોગો પ્રમાણે લખેલા કે કથેલા વાક્યો પ્રમાણે થતુ નથી, પણ તેથી ઉલટુજ થાય છે, પણ તેમ કહેનારની ભૂલ છે. જો ભાવી ફળની વાત કોઇ નહિ માનતા હોય તોપણ એ ભાવી કલ્પના કેટલેક અંશે ખરી હોય છે તેમ કબૂલ કર્યાં સિવાય હરકોઇને ચાલશેજ નહી કારણ કે ગ્રહોના ફેરફારથી કે તેના ચલન વલનથી કે એક રાશીથી બીજી રાશીમા જવાથી કે વક્ર ગતિથી દુનિયાની વાતાવરણમાં સિત ઉષ્ણતામાં કે પૃથ્વિથી લાંબે કે નજીક થવાથી સમાનતામાં ફેરફાર થાય છે, જેથી ભાવી ફળની કથેલી વાતો અનુમાનિક પણ સિદ્ધ થાય છે, જેમના ઋતુઓના ફેરફારથી સૂર્ય ચન્દ્રની ગતિમાં ફેર પડે છે અને તેથીજ શિયાળો બદલાઇ ઉન્હાળો શિરૂ થાય છે, અને ઉન્હાળો બદ-

લાઇ ચોમાસુ શિરૂ થાય છે, ચોમાસું બદલાઇ શિયાળો શિરૂ થાય છે શિયાળામાં માણુસના શરીરમાં પ્રાધાન્ય કફપ્રકૃતિ થઇ રહે છે. તેજ કફપ્રકૃતિ બદલાઇ ઉન્હાળો થતાં વાતપ્રકૃતિ પ્રાપ્ત થાય છે, અને તેજ વાતપ્રકૃતિ બદલાઇ ચોમાસુ થતા પિત્તપ્રકૃતિ થાય છે, તેનુ કારણુ પણુ એજ કે સૂર્ય ચન્દ્રાદિક ગ્રહોની ગતિથી વાતાવરણુમા, પાણીમાં, અનાજમાં અથવા જગતના સર્વ પદાર્થોમાં અને પરમાણુઓ સુદ્ધાંતમા કાંઇનો કાઇ ફેરફાર થાય છે. તો તેવીજ રીતે વરસાદ વરસવામાં જેવી હવા ગરમીની જરૂરિયાત છે તેવી જરૂરિયાતની ગ્રહોના અવળાસવળી ગતિથી અથવા ધૂમકેતુ-ઉદયથી ફેરફારી થાય છે તેથી વૃષ્ટિ વિશેષ કે ઓછી થાય છે, પૃથ્વિના રસકસમાં ફેરફાર થઇ ઓછો વત્તો જણુાય છે, તેમજ વાતાવરણુ કે હવા પાણીમાં પણુ તેવી અસર લાગવાથી વ્યાધી કે સુખ અનુભવમાં આવે છે. તેમ નિશ્ચય જાણુવુ. આ જગતની રચના પરમેશ્વર-જગદિશ્વર પરમાત્માએ એવી રીતે કરી છે કે આપણુ મનુષ્યજાતિ તેમાનો એક અશ પણુ જાણુતા નથી અથવા જે કાઇ જાણુવામાં આવે છે તે માત્ર અનુમાન-પ્રમાણુથીજ નિશ્ચય કરી શકાયે છીએ જેથી નહી જાણુવામાં આવેલા કેટલાંક કારણોથી ઉલટું સુલટુ પણુ બની જાય છે પરતુ એવો નિશ્ચય કરવો કે આ સર્વ ખોટુ છે, તેની બુદ્ધિ અવિવેકી છે તેમ કહેવાને વાંધા નથી જેમકે કોઇ કહે છે કે આ આખી પૃથ્વિને શેષનાગ ધારણુ કરી રહ્યો છે. કોઈ કહે છે કે તે પાણીમાં તરતીજ છે, કોઇ કહે છે વાતાવરણુમાં તરતી છે, અને કોઇ કહે છે કે સૂર્યના ગુરૂત્વાકર્ષણુથી પૃથ્વિ સ્થિર રહી શકી છે. હા, એ સર્વેનાં સર્વ અનુમાનો વ્યાજબી અને સત્ય છે, માત્ર તે સર્વ એકજ અનુમાન છે, તેમજ વસ્તુતાએ પણુ એકજ છે. ભેદ માત્ર બુદ્ધિનો છે. તેવીજ રીતે આ અનુમા-

નિક ફળાફળ પણ સત્યજ છે બુદ્ધિબળથીજ સત્યાસત્ય સમજાય છે, માટે આવા વિષયોમાં માત્ર બુદ્ધિનોજ ઉપયોગ કરવાનો છે.

હવે ધૂમકેતુ એટલે પુછડીયા તારા સબંધે આપણે યોગ્યાયોગ્ય તપાસીયે સવત ૧૯૬૬ ના ફાગણ માસમાં ઉદય પામેલો આ તારો "હેલીનાનો ધૂમકેતુ ' એ નામથી દુનિયામાં ઓળખીતો થયો છે. આ તારાનુ નામ હેલીનાનો ધૂમકેતુ શાથી પડયુ ? તેને માટે એમ કલ્પના કરિયે છીએ કે—પાશ્ચિમાત્ય દેશોમાં પૂર્વથી એવો રિવાજ છે કે જે વસ્તુ જેણે ઉત્પન્ન કરી, અથવા જે બાબતનો જેણે યથાર્થ શોધ કર્યો, તેના નામથીજ તે વસ્તુ ઓળખાય છે, અથવા તેના નામથીજ જગતમાં પ્રસિદ્ધિને પામે છે તેવીજ રીતે આ ધૂમકેતુનો બરોબર શોધ કોઈ જર્મનીવાશી ખગોળવેત્તા હેલીના નામના પડિતે કરેલો, તેથી તે હેલીનાનો ધૂમકેતુ એ નામથી ઓળખાય છે આ તારો દર પચોત્તર વર્ષે ઉદય થાય છે, તેવો તે પડિતનો યથાર્થ મત છે અને તે વાત આપણે પણ કબુલ કરવી પડે છે. કારણ કે તે સબધનો પુષ્ટિકારક પુરાવો આપણામાં આર્યશાસ્ત્રોમાંથી પણ મળી આવે છે.

કોઈ જ્યોતિષશાસ્ત્રના ગ્રન્થનો અમુક ભાગ ધૂમકેતુઓના નિર્ણય માટે માત્ર ઓગણીસ શ્લોક જેટલો પુરાતની ભાગ મ્હારી શોધમાં હાથ લાગ્યો છે તે કયા ગ્રન્થનો ભાગ છે ? તે નક્કી થયુ નથી. પણ તેમાં ધૂમકેતુ માટે જે નિર્ણય કર્યો છે, અથવા તેનુ શુભાશુભ ફળ જણાવ્યુ છે તે હકીકત આ હેલીના પડિતના મતને મળતી આવે છે તે હેલીના કહે છે કે—આ ધૂમકેતુ પચોત્તર વર્ષે ઉદય થાય છે એટલે આજથી પચોત્તર વર્ષ પહેલાં આજ ધૂમકેતુ ઉદય પામ્યો હતો, અને હવે પછી પણ બીજા પંચોત્તર વર્ષે આજ ધૂમકેતુ દુનિયાપર ઉદય પામશે. તેવીજ રીતે અમારી પાસેનુ પુરાણું પુસ્તક કહે છે કે—આખા જગ-

તમાં એટલે ખગોળમાં એકંદર ૫ચોત્તર ધૂમકેતુઓ છે. અને દરવર્ષ એક ધૂમકેતુ ઉગે છે પણ તે પૃથ્વિથી ઘણા છેટે હોવાથી અથવા ઘણી ઝડપથી ચાલનારા હોવાથી અથવા જેની ગતિ એક સરખી નહી પણ વખતોવખત બદલાતી રહેલી હોવાથી તે પૃથ્વિપરના લોકોથી દેખી શકાતા નથી પણ જ્યારે તે નજીક આવી જાય છે ત્યારેજ દેખી શકાય છે આવી રીતે હકીકત મળતી હોવાથી આપણે પણ તેમજ માનીશુ.

આ ગ્રન્થમાં ધુમકેતુ વિષે આ પ્રમાણે લખ્યુ છે

रविशुक्र बुधारिश्चेतु चैकाराश्यांयदा भवेत् ।
वक्रीतो भूमि पुत्रश्च केतवोदयते ध्रूवं ॥ १ ॥
केतुदय फलं चक्रं संक्रांतो वृष्टि लक्षणं ।
कथयामिसमानेन लोकानां हितकाम्यया ॥ २ ॥

અર્થ—એ ધુમકેતુના ઉદયનુ ફળ તથા સક્રાન્તિ અને તેથી જળ વૃષ્ટિ વિગેરેના લક્ષણ તે હુ લોકોના હિતને માટે કહુ છુ—એમ ગ્રન્થકર્ત્તા કહે છે

હવે ધુમકેતુઓ કોણ છે તે વાત લખે છે

वरुणस्य दश पुत्राः चतुर्विंशति रवेसुताः ।
अग्निपुत्रा चतुर्विंश यमस्य नव कीर्तिता ॥ ३ ॥

અર્થ—વરૂણ દેવના દશ પુત્રો છે, સૂર્યના ચોવીશ પુત્રો છે, અગ્નિના પણ ચોવીશ પુત્રો છે અને યમના નવ પુત્રો છે

अष्टादश कुबेरस्य वायोर्विंशति देवराद ।
एवं संख्यात्च केतुनां फल पंचोत्तरंशतं ॥ ४ ॥

અર્થ—કુબેરના અઢાર પુત્રો છે, વાયુના વીશ પુત્રો છે, તે સર્વ મળી ૧૦૫ થાય છે એ સર્વ ધુમકેતુઓ છે.

श्रावणे भाद्रपदेश्चैव वरुण च सुतोदयं ।

श्रावणे च महामेघा तोयपूर्ण वसुन्धरा ॥ ५ ॥

અર્થ—શ્રાવણ અને ભાદ્રપદ માસમા ઉદય પામનાર ધૂમકેતુ વરુણના પુત્રો છે તે શ્રાવણમાસમાં ઘણો વરસાદ વરસાવી પાણીથી પૃથ્વિ તૃપ્ત કરે

उन्मार्ग सरितोषां जलवेग समाहिता ।

महमर्घ्यानि च धान्यानि वरुणस्य सुतोदये ॥ ६ ॥

અર્થ—જળના મહાવેગથી નદીઓ ઉલ્લંઘીને નવીન માર્ગે વહન કરે, તેમજ ધાન્ય ઘણુ પાકે, એ વરુણના સુત ધુમકેતુના ઉદય-નુ ફળ છે.

अश्विन कार्त्तिके मासे सूर्यपुत्रो विनिर्दिसेत् ।

नदी कूप तडागादि सर्वाणी परिशोषयेत् ॥ ७ ॥

म्रियतं च तदा गावः तथा धान्ये चतुष्पदा ।

देवो न वर्षते तत्र दुर्भिक्षं च तथा भयं ॥ ८ ॥

અર્થ—આશ્વિન અને કાર્તિક માસમા ઉદય પામનારા ધૂમકેતુઓ તે સૂર્યના પુત્રો છે તે નદી કુવા અને તળાવ આદિ જળાશયોના પાણી શોષી લે

ચોપગવાળાં પશુ તથા ગાયો મરણ પામે, તથા અનાજ નીપજે નહી તથા વરસાદ પણ વરસે નહી જેથી દુષ્કાળ પડે

सूर्य पुत्रोदये चैव एतत् भवति निश्चितं ।

मार्गशीर्षस्य पौषस्य अग्निपुत्रो विनीर्दीसेत् ॥ ९ ॥
अग्नि दग्धानि सस्यानि हरिताग्नि धनानि च ।
बहूरं च तथा देशा धान्यौषधि च पीडित ॥ १० ॥
अग्नि चौर भयं तत्र प्रजानां व्याधय स्तथा ।

અર્થ—સૂર્યના પુત્રો ધૂમકેતુરૂપે ઉદય પામે તો ઉપર જણાવ્યા પ્રમાણે નિશ્ચય ફળ આપે માર્ગશિર માસમા અને પૌષ માસમાં ઉદય પામનારા ધૂમકેતુ અગ્નિના પુત્રો છે, તે આખા જગતને અગ્નિ સમાન દાહ કરે, તેમજ ધનનુ હરણ કરે, તથા ધાન્ય અને ઔષધિ-વિના દેશો અતિ પિડિત થાય. અને અગ્નિનો તેમજ ચોરનો ભય થાય તથા દેશમા મોટા રોગો ફાટી નીકળે

माघ फाल्गुनयोर्मध्ये यमपुत्रो विनिर्दिशेत् ॥ ११ ॥
आदृशा उत्थिता मेघाः जलं पतति तादृशं ।
द्विजादिनां भवेत् पीडा प्रजा नाशं स्त्रयो स्तथा ॥१२॥
वसुंधरा स्ततो धान्यं छत्रभंगो विनिर्दिशेत् ।
म्लेछादिनां भवेत् पीडा अन्या यं वैर मृत्युदा ॥ १३ ॥
परस्परं विरोधनं [illegible] संहारकारका ।
एतत् फलं विजानीयात् यमपुत्रोदयं भवेत् ॥ १४ ॥

અર્થ—મહા માસ અને ફાલ્ગુન માસમાં ઉદય થનારા ધૂમકેતુ-ઓ યમના પુત્રો છે, તેનો ઉદય થવાથી વાદળ ખાલી ચઢે પણ વરસાદ પડે નહી. બ્રાહ્મણાદિ દ્વિજજાતિને પીડા થાય, તથા સ્વયં પ્રજાનો નાશ થાય. પૃથ્વિઉપર અનાજ પાકે નહી, તેમજ મોટા રાજા છત્રપતિનો નાશ થાય, મ્લેછ આદિથી પ્રજાને દુઃખ થાય, અથવા અન્યો-

અન્ય વેર થઇ યુદ્ધ થાય, જેથી મૃત્યુ નીપજે. પરસ્પર વિરોધ જાગે, અને સંહારકારક હથિયારો વપરાય, યમના પુત્રો ધૂમકેતુરૂપે ઉદય પામવાથી એ ફળને આપે છે.

चैत्र विशाखयोर्मध्ये कुबेरसूत मादिशेत् ।
यादृशा उच्छ्रिता मेघा जलं भवति तादृशं ॥ १५ ॥
हवि धूम्रा फलं सर्वं एवं देशे मुहुर्मुहु ।
वसुंधरा तदा शक्र धन धान्य समाकुल ॥ १६ ॥

અર્થ—ચૈત્ર અને વૈશાખ માસમાં ઉદય થનારા ધૂમકેતુઓ કુબેરના પુત્રો છે, તેના ઉદયથી જેવી રીતે મેઘના વાદળ ચઢે તેવી રીતે વરસાદ પડે. હવિષ્યાન્ન ગહું, શાલી, યવ ને તલ ઇત્યાદિ ધાન્ય ઘણું નીપજે અને દેશના જુદા જુદા ભાગોમાં સુખ સંપત્તિ થાય તેમજ પૃથ્વિ અને રાજા ધનધાન્યયુક્ત રહે

जेष्ट आषाढयोर्मासे वायुपुत्रोदयं भवेत् ।
महामेघा दृश्यंते वायुना सह संयुता ॥ १७ ॥
विद्युत्‌ सादृशा शिखरा पतंति वायुना सह ।
विरुध्यते महिपाल सिंहारो च समं ततः ॥ १८ ॥
एतत् फलं विजानीयात् वायुपुत्रोदयं भवेत्
केतवोश्च फलं सम्यक् विचार्य गणकोत्तमैः ॥ १९ ॥

અર્થ—જેષ્ટ અને અષાડ માસમાં ઉદય પામતા ધૂમકેતુઓ વાયુના પુત્રો છે તેના ઉદય થવાથી વરસાદ ઘણો થાય અને વરસાદ સાથે વાયુ પણ ઘણો હોય, અને એવા પ્રબળ વાયુ અને વરસાદને લીધે મોટા પર્વતોનાં શિખરો તૂટી પડે, જેથી સિંહ જેવી ગર્જના થાય

તેથી રાજાઓ ભય પામે. એવી રીતનુ વાયુના પુત્રો ધૂમકેતુરૂપે ઉદય પામે તેનું ફળ છે. આવી રીતે ધૂમકેતુઓના ઉદયનુ ફળ ગ્રન્થકર્ત્તા જણાવે છે.

હવે આપણે ઉપર જણાવ્યો પ્રમાણે ધૂમકેતુના ઉદયનુ ફળ જોઇએ. આ સાલમાં ઉદય પામતો ધૂમકેતુ ફાગણ માસમા પ્રથમ પૂર્વ દિશામા ઉગેલો આપણે જોયો છે. ત્યાર પછી થોડા દિવસ તે દેખાતો બંધ થયો હતો, વળી તેજ પાછો પાછલી રાતના ચાર વાગે પૂર્વમાં જ દેખાવા લાગ્યો, પ્રથમ તેનો પ્રકાશ સહજ માલમ પડતો હતો. પણ ત્યાર પછી દિનપ્રતિદિન વધતો જતાં તેનુ પુછડુ એટલુ તો મોટું લાંબુ જણાતું હતુ કે જોનારને આશ્ચર્ય ઉપજતુ, ત્યાર પછી કેટલાક દીવસ તે પૂર્વ દિશામાંજ ઉગ્યા કરતો હતો અને મે માસની તારીખ બાવીસ તેવીસમીએ પહેલી રાતના આઠેક વાગ્યાને સુમારે પશ્ચિમ દિશામાં જણાયો, તે હજુ પણ ત્યાંજ જણાય છે, અને હવે માસની આખર સુધીમા તે સદંતર દેખાતો બંધ થશે

આ ધૂમકેતુ ફાગણ માસમા ઉદય પામ્યો છે માટે તે યમનો પુત્ર છે અને તેનુ ફળ ઉપર જણાવ્યુ છે.

આ ધૂમકેતુ માટે અન્ય વિદ્વાનો પણ અનેક તરેહના મત જણાવે છે આ ધૂમકેતુ એટલો તો ઝડપથી સૂર્યતરફ ધસી આવે છે કે તેની ઝડપ દર કલાકે દશ લાખ મૈલ જેટલી છે તે દૂર્બીનથી જોતા એક પાણીના મોટા ધોધ જેવો દેખાય છે, અને સફેદ અગ્નિ જેવો તેનો પ્રકાશ છે તે છેલ્લો સને ૧૮૩૫ ની સાલમા દેખાયો હતો અને છેલ્લી ત્રણ સદીમાં પણ તે દેખાયાનો હતો તે વખતે પણ તેના ઉદયથી લોકો ઘણો ભય બતાવતા હતા પરતુ એ ભય પાયા વગરના હતો. કદાચ આવો મોટો ધૂમકેતુ ઘણી ઝડપે દોડતો આપણી તરફ

આવે છે તે કદાચ પૃથ્વિ સાથે અથડાય અને આપણી દુનિયાંનો નાશ થાય, તો એવા વખતે સર્વનું આવી પહોંચવાનું છે કે કોઇને પાછળ દેખવા કે ભાગવાનુ નથી

આ હેલીનાનો ધૂમકેતુ દુનિયામાં જ્યારે જ્યારે ઉદય પામ્યો છે, ત્યારે કાંઇનું કાંઇ નવા જુનું પૃથ્વીની સપાટીપર થયુ છે, પરંતુ તેણે આપણી ભારતભૂમિપર કાંઇ કર્યું નથી. તેથી આપણે સંતોષ માનવાનો છે. હવે આ હાલનો ઉગતો ધૂમકેતુ શું કરે છે તે જોવાનુ છે, વળી ખગોળ વેત્તા કહે છે કે એ ધૂમકેતુઓ પણ બીજા ગ્રહો આદિ આકાશી પદાર્થો છે, તેમ તે પણ આકાશગમની છે અને આજ સુધીમાં આપણી દુનિયાપર ૧૨૦૦, ધૂમકેતુઓ આવી ગયા છે પણ તેમા આ હેલીના ધૂમકેતુએ સર્વથી દુનિયાનુ વધારે ધ્યાન ખેંચ્યુ છે એમ કહેવામા આવે છે કે એ હેલીનાનો ધૂમકેતુ હવે ઘણો જીર્ણ થયો છે. અને તેથી તેનુ વજન પણ ઘણું ઓછુ થઇ ગયુ છે, ગમે તેમ હો ! પણ જ્યારે આ હેલીનાનો ધૂમકેતુ સને ૧૮૩૫ માં દેખાયો હતો, તે વખતના તેના વિસ્તિર્ણ કદની કલ્પના જ થઇ શકતી નહોતી ખગોળવેત્તા મહાન્ પંડિતોએ તેના કદનુ માપ લીધુ હતુ તો તેના માથાનોભાગ ૩૫૭૦૦૦ મૈલ જેટલો મોટો હતો અને તેનુ પુંછડું ૯૬૦૦૦૦ મૈલ જેટલુ લાંબુ હતુ જો તેના કદ સાથે આપણી આ પૃથ્વીને સરખાવીયે તો તેના આગળ આખુ ભુમંડળ એક તિલ જે વડુ જ માલમ પડે આ ધૂમકેતુ સને ૧૮૩૫મા દેખાયો ત્યાર પછી તે સૂર્યથી ઘણે છેટે એટલે ત્રણ અબજ જેટલે દૂર જતો રહ્યો હતો, અને ત્યાથી પાછો વળી અત્યારે દેખાય છે ત્યાં સુધી આવતાં તેને ૭૩ વર્ષ અને ૪ માસ થઇગયા છે આ ધૂમકેતુ કાંઇ આજજ આપણી દુનિયામા દેખાય છે તેમ નહી પણ તે ઘણી વાર આગળ આપણી આંખે ચઢી ગયો છે અને જે જે વખતે તે દેખાયો છે

તે તે વખતે તેણે પૃથ્વીના કઇ કઇ દેશોમાં અવનવુ કીધુંજ છે રાજ્યની ફેરફારી થઇ છે. કઇક વિગ્રહો કે મારામારી થઇ છે, મરકી આદિ વ્યાધીઓ પણ ઉત્પન્ન થઈ છે. જ્યારે જ્યારે એ ઘણો દૂર જાય છે અથવા સૂર્યની નજીક આવતો જાય છે, તેવા માર્ગપરિક્રમણમાં એ બ્રહસ્પતિ, શનિશ્વર, યુરેનસ અને નેપચ્યુન આદિ ગ્રહોની મુલાકાત પણ લેતો જાય છે.

આ ધૂમકેતુના માપ વિષે લખે છે કે સને ૧૮૩૫માં જ્યારે હેલીનાનો ધૂમકેતુ ઉદય થયો ત્યારે તેનુ કદ અજબ પમાડે તેવુ હતુ જો આપણી આ ૪૪ પૃથ્વીઓને એક હારમા ગોઠવીયે અને તેના ખુણામાં ૪૮૦ ચન્દ્રોને ગોઠવીયે તો તે તારા બરોબર અંદાજ થઈ શકે. વળી આ માપનો માત્ર હાલના હેલીના ધૂમકેતુનુજ જણાવ્યુ છે, પરતુ તે કરતાં પણ બીજા ધૂમકેતુઓ ઘણા મોટા છે જે ધૂમકેતુ ૧૮૪૩ મા દેખાયો હતો તેનુ પુછડુજ માત્ર ૨૦ કરોડ માઇલ જેટલુ લાબુ હતુ. વળી સને ૧૯૦૭ની સાલમા પણ એક ધૂમકેતુ દેખાયો હતો. તે નરી આખે જણાતો નહોતો પણ દુર્બિન મારફને તેને જોઇ શકયા હતા તે ધૂમકેતુને સાત પુછડીયો હતી અને તે દરેક પુછડી ૭૦ લાખ મેલ જેટલી લાબી હતી

આ હકીકત આપણી બુદ્ધિની બહાર છે, એટલે તેની કલ્પના આપણી ટુક બુદ્ધિથી થઇ શકતી નથી, પણ તે સર્વના ઉત્પન્નકર્ત્તા પરમેશ્વરની અનહદ શક્તિ છે, જેથી કાંઇ આશ્ચર્ય માનવાનું નથી, માત્ર આપણે તો એટલુંજ માનવાનું છે કે પરમદયાળુ પરમાત્મા શ્રી વાસુદેવની બરોબરી કોઇ નથી એટલે તે સર્વકાંઇ કરી શકે છે.

મનહર છંદ.

જેની આગનાથી રવિ શશિ તો પ્રકાશ પામે
જેની આગનાથી ધરા સ્થિર રહી જાણીએ,

જેની આગનાથી પારાવાર પણ ચુકે નહી,
જેની આગનાથી વહે વાયુ સુ પ્રમાણીયે,
જેની આગનાથી સહુ સરિતા વહન કરે,
જેની આગનાથી ફળે વૃક્ષ સુખ માણીયે;
એવા અવિનાશીતણું બળ લેખી લેખી મન,
અધીક આનંદ ધરી તાતને પ્રણામિયે
જેનો પ્રતિવાદી નહી વાદી થકી સિદ્ધ થયું,
જેનો પ્રતિપક્ષિ નહી અપક્ષી એ એક છે.
જેનો મદદગાર નહી નહિ કો મદદ કાર,
જેનો કો હરીફ નહી એક કે અનેક છે,
જેને માત તાત નહીં જેને પ્રિય પુત્ર નહી,
સગાં કે સબધી નહી સરવમા નેક છે,
સહુમા સ્વયપ્રકાશ નહી હર્ષ કે ઉદાશ,
શુદ્ધ મને સ્નેહ કરો પરિબ્રહ્મ એક છે

માલિની વૃત્ત.

જગતધર પ્રભુરે પાદમા હું પ્રણામુ,
અતિ હરખ ધરીને તાતને શિર નામુ,
વડિલ મુજ શિરે હો દૃષ્ટ આનદકારી,
નિત નિત ઉર ચાહુ, રે ' કૃપા તાત ત્હારી
કર ચરણ થકી હુ નાથ પાદે પ્રણામુ,
ઉલટ ઉર ધરીને શ્રીપની શીર નામું;
ચરણ ચહુ સદાએ શક્તિવતા તમારા,
સકળ ભય નિવારો પુજ્ય ત્રાતા હમારા.
સકળ જગત કેરૂ તત્વ તુ તાત માહી,

અવર નહિ દ્દશ એ જક્ત જોતાંજ જયાહી.
તવ સ્વરૂપતણું તો યોગિયો ધ્યાન ધારે,
નયન ભરિ સદાએ નાથ તુને નિહાળે. ૫
સકળ જગત તુમાં જગતમા તુ સમાયો,
સ્વરૂપ શુદ્ધ તમારૂ વેદ માંહી ગવાયો,
શ્રુતિ સકળ પુરાણો ઉચ્ચરે સ્તુતિ ત્હારી,
જય જય જય ભાખે ભક્ત સૌ હર્ષ ધારી ૬

વસંતતિલકા વૃત્ત.

ત્રાતા સમર્થ જગના પ્રભુ સત્ય સ્વામી,
પાવન્ન થાય મમ જીવન તુ પ્રણામી,
ગાઉં અધીક ગુણ શક્તિ અપાર દેખી,
વાધે પ્રમોધ મન કારજ સત્ય પેખી ૭
સૂર્યાદિ સર્વ ગ્રહ–યુક્ત વસુન્ધરા આ,
સર્જ્યુ આપ બળથી વિભુ વિશ્વ તે આ,
મેરૂ હિમાલય સુ વિંધ્ય સમા ગિરી છે,
દ્વીપો અનેક તરૂ સાગર ને નદી છે ૮
કો દામ ભિન્ન અતિ જુક્તિ જણાય જેમાં,
નાના પ્રકાર રચિયા જન કૈક જેમાં,
કો ગૌર વર્ણ તનના ક્યહિ શ્યામ ભાસે,
કો શ્વેત વર્ણ મુખ નીરખતાં જણાશે. ૯
કો બુદ્ધિવંત મનના ક્યહિ દિવ્ય દાતા,
વિદ્વાન કોઇ વપુ સુંદિર સુજ્ઞ જ્ઞાતા,
કો શક્તિવાન સુખિયા સબળા અતી કો,
કો ધર્મવાન્ ધન કે ધરણીપતી કો. ૧૦

રૂડી રચી મૃદુલ અગનિ યોષિતાઓ,
સુધા ધરેન્દુ મુખ કોમળ ગર્વિતાઓ;
ગાઢ રતનો રસિક વાણિ અનગ વાસ,
માંગલ્યરૂપ મહિલા સુખનુ નિવાસ. ૧૧
કે ગાઢ વન્ન રચિયાં તરૂ ભિન્ન તેમાં,
શાર્દૂલ સિંહ ગજ મત્ત જણાય જેમાં,
ખીલી રહ્યા કુસુમ કો વિધનાં રૂપાળાં,
કો ઠામ વારિ સરમાં ભરિયા જણાયા. ૧૨
નાના વિહગમ રમતા કયહિ વૃક્ષ ડાળે,
કો ચક્રવાક મયુરો મૃદુ શબ્દ બોલે,
એવી ચમત્કૃતિ ભરી પૃથવી બનાવી,
બુદ્ધિ મતી અધિક સૃષ્ટિ સહુ સજાવી. ૧૩
તુ ઇષ્ટ શીષ્ટ સહુનો પ્રભુ એક તુ છે,
આ જકતધારિ જગજીવન સત્ય તું છે,
વ્યાપી રહ્યો સકળ ભૂવન સત્ય તું છે,
ચૈતન્યરૂપ અજ ઇશ્વર એક તુ છે. ૧૪
આદી અનાદિ જગધારક તાત તું છે,
સૃષ્ટી સમગ્ર સહુનુ પ્રભુ બીજ તુ છે;
શક્તી અપાર સહુમા બળવાન તું છે,
સૌ ભૂત પ્રાણિ જગઉત્પનકાર તું છે. ૧૫
તું સત્ય ધર્મ કૃતિ જ્ઞાનસ્વરૂપ તુ છે,
માયા પ્રકૃતિ મહિમા જગમાંહિ તું છે;
સર્વેશ્વરા સુખદ અંતસમેય તુ છે,
તુ સર્વ માંહિ વશિયો પ્રભુ સર્વ તું છે. ૧૬

તુ ભાનુ સોમ સહ અષ્ટ ગ્રહોય તુ છે,
તું વ્યોમ ભોમ ભવતારક શ્રેય તુ છે,
તું સત્કૃપાળ સહુને પ્રતિપાળ તુ છે,
તુ છે મહાન મહિમાં મહતાન તુ છે, ૧૭

દોહરા.

તુ તુ જગપતિ જગપતિ, સકળ કાર્ય કરનાર,
તુ ભુવનેશ ભવાબ્ધિથી તારનહાર અપાર ૧૮
ધૂમકેતુ ભૂકંપ કે અનાવૃષ્ટિ ઉત્પાત,
અમૃત આશિષ એ વદે, બચાવ તું જગતાત,
નહી અમારૂ બળ કશુ, તુ પ્રભુ છે બળવાન
કહે અમૃત આપત્તિથી, તારો શ્રીભગવાન. ૧૯

ગરબી.

કામણુ દિસે છે અલબેલા ત્હારી આંખમાંરે—એ રાગ
આવી ઉગારો અલબેલા અમને આ સમેરે,
દુખડાં બહુ દમેરે, મન ઝાઝુ ભમેરે– આવી ઉગારો. ટેક.
ધૂમકેતુ પૂંછડિયો તારો, જોતાં આવે અધિક વિચારો,
ડર મોટો દુષ્કાળ તણો દિલને દમેરે. આવી ઉગારો ૧
ગ્રહો સાત વળિ ભેળા થાયે, સુણી જીવ ઝાઝો ગભરાયે,
છે વર્ષ અકારૂ જાણી બહુ મનડું ભમેરે. આવી ઉગારો. ૨
અરે એડવર્ડ ભૂપ સિધાવ્યા, ત્યાગી પ્રજાતણી સહુ માયા,
અતિ ઉચ્ચાટે શોક હમારો નવ શમેરે. આવી ઉગારો ૩
અમે આશરો ધર્યો તમારો, સંકટ સહુ શ્રીકૃષ્ણ નિવારો;
શ્રી રણછોડ કૃપાળુ અમ દિલમ રમેરે. આવી ૪

અમૃતલાલ વદે શુભ વાણી, દુનિયા અધિક દુખી મેં જાણી,
અરજ કરૂં અલબેલા દુખડા સહુ શમેરે. આવી ઉગારો ૫

ગીતિ

ધૂમકેતુ ગ્રહકેરો, ભાર ભાગી સૌ સુખ સંપતિ આપો,
અમૃતલાલ વદે એ, જગતજનોનાં સંકટ સહુ કાપો ૧

હરિગીત છંદ

શુભ નગ્ર ડાકોર ધામ ભારી વાસ છે રણછોડનો,
તટ ગોમતી ગંગાતણી નીવાસ સઘળા દેવનો,
ત્યાં વસે અમૃત સેવા ગાયની કરવા સદા,
ગોશાળ સ્થાપી આ સ્થળે ગણિ પુણ્યમારગ પ્રેમદા ૧
વાચા વિનાના પ્રાણિ જે પશુ પક્ષિને સંભાળવાં,
રોગી તણા ઔષધ કરી વળિ ભૂખના દુખ ટાળવા,
કરતાં સદા ગોસેવ મારી જિંદગી એમાં જશે,
ગૌકાજ અમૃતલાલને રણછોડજી સ્હાયે થશે ૨
ઇચ્છા હશે કો જનને આ ગાયના દુખ ટાળવા,
તો આપજો દાણા વળી કો ઘાસ ગાયો પાળવા;
થાશે સુખી ગોમાત તમને અધિક આશિષ આપશે,
તે પુણ્યથી રણછોડ રાય કષ્ટ તમનાં કાપશે. ૩
નથી સ્વાર્થ આ પરમાર્થ માટે કામ ઉત્તમ આદર્યું,
વેઠી શરીરે દુખ અધિકાં ગાયનું સંકટ હર્યું,
જો ધર્મ કરવા ધારણા અતિ ઉલટ અંતર ઉપજે,
શુભ દાન કરજો ગાયને તેથી અધિક સુખ નીપજે. ૪

ધરમાત્માઓને સુચના.

શ્રી ડાકોર નિરાશ્રીત ગૌરક્ષકફંડની ગૌશાળ યાને (પાંજરાપોળ.)

આ ગૌશાળા છેલ્લા છપનના દુકાળપ્રસંગે બિચારા નિરાધાર મુગા પ્રાણીઓને પડતા દુઃખ જોઈ ડાકોરના રહીશ અમૃતલાલ અનોપરામ આફુલાતુને ડાકોરમા સ્ટેસનપર જવાની સડકની દક્ષિણબાજુ કંપ. રાખી સ્થાપી છે જેમા સકડો જથાબધ જીવો. ગાય, વાછડાં, કુતરા, બકરા, મરઘડા કબુતર, ઇત્યાદિ જીવોનુ સરક્ષણ થાય છે ને તેઓ પોતે તેની પુર્ણ સંભાળ બરદાસ લે છે તથા યાત્રાળુ અને શ્રદ્ધાળુ ગ્રહસ્થોની ઉદારતાથી તે કાર્ય ચલાવાય છે અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કોર્ટના જડજ પદમજી સાહેબ બહાદુર ડાકોર પધારેલા તેમણે એ ગોશાળાના સ્થાપક અમૃતલાલનુ કામ જીવોનાપર પુર્ણ દયા બરદાસનુ જોઈ સર્ટીફીકેટ આપ્યુ છે તથા એ ઉદાર ગ્રહસ્થે તેમ બીજા ગ્રહસ્થો એ ધર્માદા રકમ આપી ટેકો કર્યો છે આ પાજરાપોળમા કાઈ પણ રકમ લીધા સિવાય દુબળા ભુખ્યા અપગ જીવોને દાખલ કરી પાળવામા આવે છે માટે ધર્માત્માઓને ખરૂ પુણ્ય કરવાનુ આ સ્થાન છે જીવો પુષ્કળ છે પણ મકાન બધાએલુ નથી તેથી ગ્રહસ્થોએ તે પર લક્ષ દેવા જરૂરનુ છે ડાકોર ક્ષેત્રમા આ સંસ્થાની જરૂર છે, '**अहिंसापरमोधर्म**" જીવોને બચાવવાનુ તે મોટામા મોટુ પુણ્ય છે

લી.

શાહ. ચંદુલાલ બાપુલાલ ધરીઆ.